



# 17 જુલાઈએ શરૂ થતા ચાતુર્માસ કરનારે વ્રત તથા તેના પાલન કરવાના નિયમો

**હવે ચાતુર્માસ શરૂ થશે**

ભગવાન વિષ્ણુના શયન કરવાથી ચાતુર્માસમાં જે કોઇ નિયમ પાળે છે તેને અનંત ફળે મળે છે.એટલે વિજ્ઞ પુરુષે પ્રયત્ન કરીને ચાતુર્માસમાં કોઇ નિયમ લેવો જોઈએ. ભગવાન વિષ્ણુના સંતોષ માટે નિયમ, જપ, હોમ, સ્વાધ્યાય અથવા વ્રતનું અનુષ્ઠાન અવશ્ય કરવું જોઈએ. જે માનવ ભગવાન વાસુદેવના ઉદ્દેશથી ફક્ત શાકાહાર કરીને વર્ષાના ચાર મહિના વ્યતીત કરે છે - તે ધનવાન થાય છે. જે ભગવાન વિષ્ણુના શયનકાળમાં દરરોજ નક્ષત્રોનાં દર્શન કરીને જ એક વાર ભોજન કરે છે તે ધનવાન, રૂપવાન અને માનનીય થાય છે. જો એક દિવસના અંતરે ભોજન કરતાં કરતાં ચોમાસું વ્યતીત કરે છે તે હંમેશાં ધામમાં નિવાસ કરે છે. ભગવાન જર્નાદનના શયન કરવાથી જે છઠ્ઠા દિવસે ભોજન કરે છે તે રાજસૂય તથા અશ્વમેધ યજ્ઞોનું સંપૂર્ણ ફળ મેળવે છે. જે હંમેશાં ત્રણ રાત ઉપવાસ કરીને ચોથા દિવસે ભોજન કરતાં કરતાં ચોમાસું વિતાવે છે તે આ સંસારમાં



ફરી કોઇ પ્રકારનો જન્મ નથી લેતો. જે શ્રી હરિના શયનકાળમાં વ્રતપરાયણ બનીને ચોમાસું કરે છે તેને અગ્નિષ્ટોમ યજ્ઞનું ફળ મળે છે.

**કાળચક્ર**

**યજ્ઞાનંદ**

જે ભગવાન મધુસૂદનના શયન કરવાથી અયાચિત અન્નનું ભોજન કરે છે તેને પોતાના ભાઈ-બંધુઓથી ક્યારેય વિયોગ થતો નથી. જે માનવ બ્રહ્મચર્ય પાલનપૂર્વક ચોમાસું પસાર કરે છે- તે શ્રેષ્ઠ વિમાન પર બેસીને સ્વેચ્છાથી સ્વર્ગલોકમાં જાય છે. જે આખા ચોમાસામાં નમકીન વસ્તુઓ તેમજ મીઠાને છોડી દે છે. તેનાં બધાં પૂર્તકર્મ સફળ થાય છે. જે ચોમાસામાં દરરોજ સ્વાહાન્ત વિષ્ણુસૂક્તના મંત્રો દ્વારા તલ અને ચોખાની આહુતિ આપે છે તે ક્યારેય રોગી થતો નથી.
ચાતુર્માસમાં દરરોજ સ્નાન કરીને જે ભગવાન વિષ્ણુની આગળ ઊભા રહીને 'પુરુષસૂક્તનો જપ કરે છે તેની બુદ્ધિ વધે છે. જે પોતાના હાથમાં ફળ લઇને મૌન ભાવથી ભગવાન વિષ્ણુની 108 પરિક્રમા કરે છે તે પાપથી લિપ્ત થતો નથી. જે પોતાની શક્તિ અનુસાર ચોમાસામાં વિશેષતઃ કારતક માસમાં શ્રેષ્ઠ બ્રાહ્મણોને મિષ્ટાન્ન ભોજન કરાવે છે - તે અગ્નિષ્ટોમ યજ્ઞનું ફળ મેળવે છે.
વર્ષાના ચાર મહિનાઓ સુધી દરરોજ વેદોના સ્વાધ્યાયથી જે ભગવાન વિષ્ણુની આરાધના કરે છે તે બધી જ રીતે વિદ્વાન થાય છે. જે ચોમાસાભર ભગવાનના મંદિરમાં રાત-દિવસ નૃત્ય-ગીત વગેરેનું આયોજન કરે છે તે ગંધર્વભાવને પ્રાપ્ત કરે છે. જો ચાર મહિના સુધી નિયમનું પાલન કરવું સંભવ ના હોય તો માત્ર કારતક માસમાં જ બધા નિયમોનું પાલન કરવું જોઇએ. જેણે કેટલીક ઉપયોગી વસ્તુઓનું પાલન ચોમાસામાં ત્યાગી દેવાનો નિયમ લીધો હતો, તેને તે વસ્તુઓ બ્રાહ્મણને આપવી જોઈએ. એમ કરવાથી તે ત્યાગ સફળ થાય છે! જે મનુષ્ય નિયમ, વ્રત અથવા જપ વગર જ ચતુર્માસ પસાર કરવો, તે મૂર્ખ છે.
શ્રાવણમાં કૃષ્ણ પક્ષની બીજે શ્રવણ નક્ષત્રમાં સવારે વહેલાં ઊઠવું. પાપી, પતિત અને મ્લેચ્છ વગેરે વાર્તાલાપ ના કરવો. પછી બપોરે સ્નાન કરીને ધોયેલાં વસ્ત્ર પહેરીને પવિત્ર થઇને જળ લઇને શ્રી હરિની નજીક જઇને આ મંત્રનું પૂજન કરવું. મંત્રનો અનુવાદ છે. 'શ્રી વત્સચિહ્ન ધારણ કરનાર લક્ષ્મીકાંત! શ્રીધામ! શ્રીપતે! અવિનાશી પરમેશ્વર! ધર્મ, અર્થ તેમ જ કામ આપનાર મારો ગૃહસ્થ આશ્રમ નષ્ટ ના થાય. મારાં માતા-પિતા નષ્ટ ના થાય, મારા અગ્નિહોત્ર-ગૃહની અગ્નિ ક્યારેય ના ઓલવાય. મારો સ્ત્રી જોડે સંબંધ વિચ્છેદ ના થાય. હે દેવ! જેમ તમારું શયનગૃહ લક્ષ્મીજીથી ક્યારેય પણ શૂન્ય નથી થતું એ પ્રકારે દરેક જન્મમાં મારી પણ શય્યા ધર્મપત્નીથી શૂન્ય ના રહે.
ઉપરોક્ત શ્રીહરિ વિષ્ણુને બે હાથ જોડીને પ્રાર્થના કરવી અને મનમાં શ્રદ્ધા-વિશ્વાસથી બોલવું. આ ઉપરાંત મંત્રનો અનુવાદ બોલીને અર્ઘ્ય આપવો તથા પોતાની શક્તિ અનુસાર બ્રાહ્મણની પૂજા કરવી. આ પ્રકારે ભાદરવો, આસો અને કારતક માસમાં જળ ચઢાવીને જગદીશ્વરનું પૂજન કરવું તથા 'મીઠા વગર'નું અન્નનું ભોજન કરવું.
વ્રત સમાપ્ત થયા પછી શ્રેષ્ઠ બ્રાહ્મણોને ભક્તિપૂર્વક દાન કરવું. જવ, ધાન્ય, શય્યા, વસ્ત્ર તથા સુવર્ણ દક્ષિણામાં આપવું.
જે મનુષ્ય એકાગ્ર ચિત્ત થઇને આ પ્રકારે વ્રતનું પાલન કરે છે તેના ઉપર જલશાયી જગદ્દગુરુ ભગવાન વિષ્ણુ બહુ જ સંતુષ્ટ થાય છે.

# દુનિયાના પહેલા ગુરુઃ મહર્ષિ વેદ વ્યાસ

## આપણાં માતા-પિતાઃ આપણા પહેલા ગુરુ


સનાતન ધર્મમાં ગુરુ પૂર્ણિમાના તહેવારનું વધારે મહત્ત્વ છે. દરેક વર્ષે આ પર્વ અષાઢ મહિનાના સુદ પક્ષની પૂનમ (પૂર્ણિમા) તિથિના દિવસે હર્ષોલ્લાસ સાથે ઉજવાય છે. તેને અષાઢ પૂર્ણિમા અને ગુરુ પૂર્ણિમા નામથી ઓળખાય છે.
આ વર્ષે તે પર્વ 21 જુલાઇ રવિવારે છે. ધાર્મિક માન્યતા છે કે, આ શુભ અવસર પર સ્નાન-દાન અને ગુરુના આશીર્વાદ પ્રાપ્ત કરવાથી સુખ-સમૃધ્ધિની પ્રાપ્તિ થાય છે. આવામાં આવો જાણીએ કે ગુરુ પૂર્ણિમાનું શુભ મુહૂર્ત અને પૂજા વિધિ વિશે.
પંચાંગ અનુસાર અષાઢ મહિનાની પૂર્ણિમા તિથિની શરૂઆત 20 જુલાઇએ સાંજે 5 વાગ્યાને 59 મિનિટે થશે. જ્યારે તેનું સમાપન બીજે દિવસે એટલે કે 21 જુલાઈએ બપોરે 3 વાગ્યા ને 46 મિનિટે થશે. સનાતન ધર્મમાં ઉદય તિથિનું વધારે મહત્ત્વ છે. એટલે પૂર્ણિમાનું પર્વ 21 જુલાઇએ ઉજવાશે.
હિંદુ ધર્મમાં ગુરુને ભગવાનનો દરજ્જો આપ્યો છે કારણ કે જીવનમાં ગુરુ જ તમોને બરાબર અને સાચો રસ્તો બતાવે છે. આ દિવસે શિષ્ય પોતાના ગુરુઓનું પૂજન કરે છે અને તેમને આ દિવસની શુભ કામનાઓ આપે છે. ધર્મ પુરાણો અનુસાર અષાઢ મહિનાની પૂર્ણિમાના દિવસે જ મહર્ષિ વેદ વ્યાસજીનો જન્મ થયો હતો અને તેમના જન્મોત્સવને ગુરુ પૂર્ણિમાના દિવસે ઉજવવામાં આવે છે. મહર્ષિ વેદ વ્યાસ ફક્ત મહાભારતના જ રચયિતા ન હતા, પરંતુ તેમણે હિંદુ ધર્મના ચારેય વેદાની રચના પણ કરી છે એટલા માટે તેમને દુનિયાના પહેલા ગુરુ કહેવામાં આવ્યા છે અને ગુરુ પૂર્ણિમાના દિવસે તેમનું વિધિવિધાનપૂર્વક પૂજન કરવામાં આવે છે. પૂર્ણિમાના દિવસે ચંદ્રનું પૂજન કરવામાં આવે છે. કહેવાય છે કે આ દિવસે ગંગામાં સ્નાન કર્યા પછી પોતાની શક્તિ-સામર્થ્ય અનુસાર દાન કરવામાં આવે તો જીવનમાં સુખ-સમૃધ્ધિ આવે છે.
ગુરુ પૂર્ણિમાના દિવસે સવારે જલદી ઊઠીને દિવસની શરૂઆત ભગવાનના ધ્યાનથી કરવી. ત્યાર બાદ સ્નાન કરી સાફ વસ્ત્ર ધારણ કરવાં. સૂર્યદેવને જળ અર્પણ કરવું. આ સમયે નીચેનો મંત્ર બોલવો.
ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુ ગુરુર્દેવો મહેશ્વરઃ
ગુરુ સાક્ષાત્ પર બ્રહ્મા તસ્મૈ શ્રી ગુરવે નમઃ
ત્યાર બાદ પૂજા સ્થળ પર બેસીને જગતના પાલનહાર ભગવાન વિષ્ણુ અને વેદ વ્યાસજીને ફૂલ, ધૂપ, દીપ, ચોખા, હળદર વગેરે ચીજો અર્પણ કરવી. પછી દીવો પ્રગટાવીને આરતી કરતી. સાચા મનથી ગુરુ ચાલીસા અને ગુરુ કવચનો પાઠ કરવો. ફળ, મીઠાઇ અને ખીર વગેરે ચીજોનું નૈવેદ્ય ધરાવવું. અંતમાં પ્રભુ પાસે જીવનમાં બુધ્ધિ, વિદ્યા અને શાંતિની પ્રાર્થના કરવી. આ દિવસે ગુરુની સેવા કરવી ફળદાયી હોય છે. શ્રધ્ધા અનુસાર ગરીબોને અન્ન, ધન અને વસ્ત્રનું દાન કરવું. આ વર્ષની ગુરુપૂર્ણિમાના દિવસે સર્વાર્થ સિધ્ધિ યોગ બનશે. આ યોગમાં તમે જે પણ શુભ કાર્ય કરો તે સફળ સિધ્ધ થાય છે.

**યંત્ર-મંત્ર-તંત્ર**

**યજ્ઞેશ ત્રિવેદી**

- સર્વાર્થ સિધ્ધિ યોગમાં ગુરુ પૂર્ણિમા
સર્વાર્થ સિધ્ધિ યોગ વહેલી સવારથી માંડીને રાત સુધી રહેશે. ગુરુ પૂર્ણિમા પર સર્વાર્થ સિધ્ધિ યોગનો પ્રારંભ સવારે 5.37 થી થશે, જે મોડી રાત સુધી 12.14 એ.એમ. સુધી માન્ય રહેશે. ગુરુ પૂર્ણિમાએ સવારથી માંડીને મોડી રાત સુધી 12.24 સુધી ઉત્તરાષાઢા નક્ષત્ર છે ત્યાર બાદ શ્રવણ નક્ષત્ર થશે. ગુરુ પૂર્ણિમા પર વિષ્કુંભ યોગ સવારથી રાત 9.11 વાગ્યા સુધી છે. ત્યાર બાદ પ્રીતિ યોગ થશે. એ દિવસે ધન રાશિમાં ચંદ્ર હશે. આ દિવસે ગુરુ પોતાના શિષ્યોને દીક્ષા પણ આપે છે. આ દિવસે બધા લોકો પોતાના ગુરુઓનું પૂજન પણ કરે છે. પૂજ્ય સંત કબીર દાસજીએ પણ ગુરુ માટે






કહ્યું છે કેઃ
ગુરુ ગોવિન્દ દોઉ ખડે, કાકે લાગૂં પાય
બલિહારી ગુરુ અપને ગોવિન્દ દિયો બતાય
જેનો અર્થ છે કે, ગુરુ અને ગોવિંદ (ભગવાન) એક સાથે ઊભા હોય તો કોને પ્રણામ કરવા જોઇએ. ગુરુને અથવા ગોવિંદને? આવી સ્થિતિમાં ગુરુનાં શ્રીચરણોમાં શીશ નમાવવું ઉત્તમ છે. જેના કૃપા રૂપી પ્રસાદથી ગોવિંદનાં દર્શન કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે.
સંત કબીરદાસજીનો ગુરુને લઇને એક વધુ પ્રસિધ્ધ દોહો છેઃ
**કબીર તે નર અંધ હૈ, ગુરુ કો કહતે ઔર,**
**હરિ રૂઠે ગુરુ ઠૌર હૈ, ગુરુ રૂઠે નહીં ઠૌર**
જેનો અર્થ છેઃ કબીર દાસજી કહે છે કે, તે લોકો અંધ અને મૂર્ખ છે, જે ગુરુના મહિમાને સમજી શકતાં નથી. જો ઇશ્વર તમારાથી રૂઠી ગયો તો ગુરુનો સહારો છે, પરંતુ જો ગુરુ તમારાથી રૂઠી ગયા હોય તો દુનિયામાં કોઇ જગ્યાએ તમારો સહારો નથી.
સનાતન પરંપરાઓમાં આપણાં માતા-પિતાને આપણા પહેલા ગુરુ માનવામાં આવ્યાં છે.
માતા-પિતા આપણા જીવનના પહેલા શિક્ષક હોય છે એટલે આ રીતે ભારતીય સંસ્કૃતિ પણ માતા-પિતાને ગુરુ માને છે.
ગુરુ શિષ્ય પરંપરાને ધ્યાનમાં રાખીને દરેક ગુરુ પૂર્ણિમા પર લોકો પોતાના શિક્ષકોને પોતાની ઇચ્છા અને ક્ષમતા અનુસાર કંઇક ભેટ આપે છે અને તેમના આશીર્વાદ લે છે.
- ગુરુ પૂર્ણિમાના દિવસે શું કરવું?
# ગુરુ પૂર્ણિમાના દિવસે તમે તમારા ગુરુને મળો અને તેમના આશીર્વાદ મેળવો.
# વૈદિક શાસ્ત્રો અનુસાર શ્રી આદિ શંકરાચાર્યને જગતગુરુ (બધાના શિક્ષક) માનવામાં આવે છે. તમે એ દિવસે તેમની પૂજા કરી શકો છો.
# ગુરુના ગુરુ - ગુરુ દત્તાત્રેયની પૂજા કરવી જોઇએ. આ સિવાય તમે દત્ત બાવનીનો પાઠ પણ કરી શકો છો.
# વૈદિક જ્યોતિષમાં 'બૃહસ્પતિ ગ્રહ'ને ગુરુ કહેવામાં આવે છે. શિક્ષક કે ઉચ્ચ શિક્ષણ અને આદર્શોનો સંકેત તમે આ દિવસે ભગવાન બૃહસ્પતિ (ગુરુ ગ્રહ)ની પૂજા કરી શકો છો.
- ગુરુ ગ્રહની પૂજા અને આરાધના કરવાથી સૌભાગ્ય પ્રાપ્તિ થાય છે.

## આ વર્ષે ગુરુ પૂર્ણિમાએ સર્વાર્થ સિધ્ધિ યોગ, વિષ્કુંભ યોગ, ચંદ્ર ધન રાશિમાં... ઉત્તરષાઢા, નક્ષત્ર હોવાથી આ દિવસે કરેલું કાર્ય સફળ સિધ્ધ થાય છે

વૈદિક જ્યોતિષના સિધ્ધાંતો અનુસાર તમે એક અભસ્ત અને ઊર્જાવાન ગુરુ યંત્રની પૂજા પણ કરી શકો છો. ખાસ કરીને નીચે આપેલા ગ્રહ સંયોજન તમારી જન્મ કુંડળીમાં હાજર હોય...
તો તે તમારી કુંડળીમાં ગુરુ કે ભગવાન બૃહસ્પતિના સૌમ્ય પ્રભાવોને મજબૂત કરવામાં તમારી મદદ કરે છે.
- જો તમારી જન્મ કુંડળીમા 'ગુરુ પોતાની નીચ રાશિ' એટલે કે મકર રાશિમા હોય તો તમારે નિયમિત રીતે કોઇ ગુરુ યંત્ર જે પ્રાણપ્રતિષ્ઠિત અને મંત્ર સિધ્ધ હોય તેની પૂજા કરવી જોઇએ.
- તમારી જન્મ કુંડળીમાં ગુરુ-રાહુ, ગુરુ-કેતુ કે ગુરુ-શનિની યુતિ બનતી હોય તો તે દોષની શાસ્ત્રોક્ત પૂજા કરાવવી જોઇએ. ત્યાર બાદ દરરોજ ગુરુ યંત્રનાં દર્શન તથા પૂજા કરી શકાય છે.
- જો ગુરુ તમારી કુંડળીમાં નીચા ભાવમાં એટલે કે 6ઠ્ઠા, 8મા અથવા 12મા ભાવમાં હોય તો તમારે કોઇ ઊર્જાવાન ગુરુ યંત્રની પૂજા કરવી જોઇએ.
- જ્યારે ગુરુ તમારી કુંડળીમાં 'વક્રી' અથવા અસ્ત થતો હોય તો ગુરુ એટલો મજબૂત નથી હોતો એટલે વિશ્વસનીય અને ઊર્જાવાન ગુરુ યંત્રની પૂજા કરવી તમારા માટે ફાયદાકારક છે.
- જેમની કુંડળીમાં બાળકોના શિક્ષણ સંબંધિત મામલામાં સમસ્યાઓનો સંકેત છે તેમણે વિશેષજ્ઞ જ્યોતિષની સલાહના માધ્યમથી વાસ્તવિક માર્ગદર્શન લેવું જોઇએ અને પોખરાજ/ પીળો નીલમ પહેરી શકે છે.
- જો તમારી કુંડળીમાં નાણાંકીય મુશ્કેલીઓનો સંકેત આપે છે તો તમારે નાણાંકીય મોરચા પર સમાધાન શોધવા માટે નિયમિત રીતે એક સક્રિય શ્રી યંત્રની પૂજા કરવી જોઇએ.
- ગુરુ પૂર્ણિમાને પોતાના મૂલ્યવાન માર્ગદર્શક, શિક્ષક કે જીવનના ગુરુ સાથે ઉજવો.



# દેવશયની એકાદશીઃ દેવપોઢી અગિયારસ

## જે મનુષ્ય આ એકાદશીનો ઉપવાસ કરે છે તે સૂર્ય સમાન દીપ્તિમાન વિમાનમાં બેસીને વિષ્ણુલોકમાં જાય છે!

અષાઢ માસની શુકલ (સુદ) પક્ષની એકાદશી તા. 17 જુલાઈ 2024ના રોજ છે. ધર્મરાજ યુધિષ્ઠિર બોલ્યાઃ ''હે ભગવાન! અષાઢ માસની સુદ પક્ષની એકાદશીનું નામ શું છે? અને તેમાં ક્યા દેવતાની પૂજા થાય છે? તેની વિધિ કઈ છે
- તે બધું વિસ્તારપૂર્વક કહો.''
શ્રીકૃષ્ણ ભગવાન બોલ્યાઃ ''હે રાજન! એક સમય નારદે બ્રહ્માજીને આ જ પ્રશ્ન પૂછ્યો ત્યારે બ્રહ્માજી બોલ્યાઃ
''નારદ! તમે કળિયુગના જીવોના ઉદ્ધાર માટે બધાથી ઉત્તમ પ્રશ્ન કર્યો છે... કારણકે એકાદશીનું વ્રત બધાં વ્રતોમાં શ્રેષ્ઠ છે. આ વ્રતથી સમસ્ત પાપ નષ્ટ થાય છે. આ એકાદશીનું નામઃ 'પદ્મા' છે. આનું વ્રત કરવાથી વિષ્ણુ ભગવાન પ્રસન્ન થાય છે. હું અહીં એક પૌરાણિક કથા કહું છું.''
સૂર્યવંશી માંધાતા નામનો રાજા હતો. તે સત્યવાદી, મહાન પ્રતાપી અને ચક્રવર્તી હતો. તે પોતાની પ્રજાનું પુત્રની જેમ પાલન કરતો હતો. તેની સમસ્ત પ્રજા ધનધાન્યથી પરિપૂર્ણ હતી અને સદૈવ સુખપૂર્વક રહેતી. તેના રાજ્યમાં ક્યારેય અકાળ પડતો નહીં!
એક સમયે રાજાના રાજ્યમાં ત્રણ વર્ષ સુધી વર્ષા ન થઈ, જેનાથી રાજાના રાજ્યમાં અકાળ પડ્યો અને પ્રજા અન્નની કમીના કારણે દુઃખી રહેવા લાગી. રાજ્યમાં યજ્ઞ થવા બંધ થઈ ગયા.
એક દિવસ પ્રજા- રાજાની પાસે જઈને પ્રાર્થના કરવા લાગી કે... '' હે રાજન! સમસ્ત વિશ્વની સૃષ્ટિનું મુખ્ય કારણ વર્ષા છે. તે વર્ષાના અભાવથી રાજ્યમાં અકાળ પડી ગયો છે અને પ્રજા મરી રહી છે.
હે રાજન! તમે એવો કોઈ ઉપાય બતાવો કે જેનાથી લોકોનાં દુઃખ દૂર થાય.''
તેથી રાજા માંધાતા બોલ્યાઃ ''તમે લોકો ઠીક કહો છો. વર્ષા ના થવાના કારણે જ પ્રજાએ દુઃખ ભોગવવું પડે છે.
હું ઘણું જ વિચારું છું તો પણ મને કોઈ દોષ દેખાતો નથી. તમારા લોકોનાં દુઃખ દૂર કરવા માટે ઘણા જ પ્રયત્ન કરું છું.''
આમ કહીને રાજા માંધાતા ભગવાનની પૂજા કરી થોડા મુખ્ય માણસોને લઈને વનમાં ચાલ્યા ગયા. ત્યાં તેઓ ઋષિઓના આશ્રમોમાં ફરતાં ફરતાં રથમાં બ્રહ્માના પુત્ર અંગિરા ઋષિના આશ્રમમાં ગયા. એ સ્થાન પર રાજા રથમાંથી ઊતર્યા અને આશ્રમમાં આવ્યા. ત્યાં મુનિ હમણાં જ નિત્ય કર્મથી નિવૃત્ત થયા હતા. રાજાએ તેમને સામે પ્રણામ કર્યા અને મુનિએ તેમને આશીર્વાદ આપ્યા.
પછી રાજાને કહ્યુંઃ ''હે રાજન! તમે કુશળતાપૂર્વક છો તથા તમારી પ્રજા પણ કુશળતાપૂર્વક હશે. તમે આ સ્થાન પર કેવી રીતે આવ્યા? તે કહો.''
રાજા બોલ્યાઃ '' હે મહર્ષિ! મારા રાજ્યમાં ત્રણ વર્ષથી વર્ષા થઈ નથી, તેથી અકાળ પડી ગયો છે અને પ્રજા દુઃખ ભોગવે છે. રાજાનાં પાપોના પ્રભાવથી જ પ્રજાને કષ્ટ મળે છે. પરંતુ હું ધર્માનુસાર રાજ્ય કરું છું તો પછી આ અકાળ કેવી રીતે પડી ગયો તેની જાણ મને હજુ સુધી નથી. હવે તમારી પાસે આ સંદેહની નિવૃત્તિ માટે આવ્યો છું. તમે કૃપા કરીને મારા આ સંદેહને દૂર કરો અને પ્રજાનાં કષ્ટને દૂર કરવા માટેના કોઈ ઉપાય બતાવો.''

**જડી બુટ્ટી**

**નજુમી**

ત્યારે ઋષિ બોલ્યાઃ ''હે રાજન! આ સત્ યુગ બધા યુગોમાં શ્રેષ્ઠ છે. તેમાં ધર્મનાં ચારેય ચરણ સંમિલિત છે. આ યુગમાં બ્રાહ્મણોને તપસ્યા કરવાનો તેમ જ વેદ ભણવાનો જ અધિકાર છે. પરંતુ તમારા રાજ્યમાં એક શૂદ્ર પણ તપસ્યા કરી રહ્યો છે. આ દોષના કારણે તમારા રાજ્યમાં વર્ષા થતી નથી! જો તમે પ્રજાનું ભલું ઈચ્છતા હોય તો એ શુદ્રને મારી નાખો.''
ત્યારે રાજા બોલ્યાઃ ''હે મુનિશ્વર! હું એ નિરપરાધ તપસ્યા કરનાર શુદ્રને મારી નહીં શકું. તમે આ દોષમાંથી છૂટવાનો અન્ય કોઈ ઉપાય બતાવો.''
ત્યારે ઋષિ બોલ્યાઃ ''હે રાજન! તમે આવું ઈચ્છો છો તો અષાઢ માસના સુદ પક્ષની પદ્મા નામની એકાદશીનું વ્રત વિધિપૂર્વક કરો. આ વ્રતના પ્રભાવથી તમારા રાજ્યમાં વર્ષા થશે અને પ્રજા સુખી થશે. કારણકે આ એકાદશીનું વ્રત બધી સિદ્ધિઓ આપનાર છે અને ઉપદ્રવને શાંત કરનાર છે.
મુનિનાં આ વચનોને સાંભળી રાજા પોતાના નગરમાં પાછા ફર્યા અને વિધિપૂર્વક પદ્મા એકાદશીનું વ્રત કર્યું. આ વ્રતના પ્રભાવથી રાજ્યમાં વર્ષા થઈ અને મનુષ્યોને સુખ મળ્યું.

****

આ એકાદશીને 'દેવશયની એકાદશી' પણ કહે છે. આ વ્રત કરવાથી વિષ્ણુ ભગવાન પ્રસન્ન થાય છે તેથી મોક્ષની ઈચ્છા કરનાર મનુષ્યોએ આ એકાદશીનું વ્રત કરવું જોઈએ. 'ચાતુર્માસ વ્રત' પણ આ એકાદશીના વ્રતથી શરૂ કરવામાં આવે છે.
કુંતીપુત્ર યુધિષ્ઠિર બોલ્યાઃ ''હે ભગવાન! 'વિષ્ણુ ભગવાનનું શયન વ્રત કેવી રીતે કરવામાં આવે છે- તે કૃપા કરીને કહો.''
શ્રીકૃષ્ણ બોલ્યાઃ ''હે રાજન! હવે હું કહું છું તે ધ્યાનપૂર્વક સાંભળો.'
જ્યારે સૂર્યનારાયણ કર્ક રાશિમાં રહેલા હોય ત્યારે વિષ્ણુ ભગવાનને શયન કરાવવું જોઈએ અને સૂર્યનારાયણ તુલા રાશિમાં આવે તો ભગવાનને ઉઠાડવા જોઈએ. અધિક માસ આવવાથી પણ વિધિ આ પ્રકારે રહે છે. આ વિધિથી અન્ય દેવતાઓને શયન ન કરાવવું જોઈએ.
અષાઢ માસના શુક્લ પક્ષની એકાદશીનું વિધિપૂર્વક વ્રત કરવું જોઈએ. સૌ પ્રથમ વિષ્ણુ ભગવાનની મૂર્તિને (પ્રતિમાને) સ્નાન કરાવવું જોઈએ. પછી તેમને સફેદ વસ્ત્રો ધારણ કરાવી તકિયાદાર શય્યા પર શયન કરાવવું જોઈએ. તેમનું ધૂપ, દીપ, નૈવેદ્ય વગેરેથી પૂજન કરાવવું જોઈએ. ભગવાનનું પૂજન શાસ્ત્રજ્ઞાતા બ્રાહ્મણો પાસે કરાવવું જોઈએ.'
'' હે ભગવાન! તમને શયન કરાવ્યું છે. તમારા શયનથી આખું વિશ્વ સૂઈ જાય છે.'' આ રીતે ભગવાન સામે હાથ જોડીને પ્રાર્થના કરવી જોઈએ.
'' હે ભગવાન! તમે જ્યાં સુધી ચાર માસ સુધી શયન કરો ત્યાં સુધી મારા આ ચાતુર્માસના વ્રતને નિર્વિઘ્ન રાખો.''
આ પ્રકારે વિષ્ણુ ભગવાનની સ્તુતિ કરીને શુદ્ધ ભાવથી મનુષ્યોએ દાતણ વગેરેના નિયમ ગ્રહણ કરવા જોઈએ. વિષ્ણુ ભગવાનનાં વ્રત શરૂ કરવાનાં પાંચ કાળ વર્ણન કર્યું છે. દેવશયની એકાદશીથી લઈને દેવોત્થાની એકાદશી સુધી ચાતુર્માસના વ્રતને શરૂ કરવું જોઈએ. બારસ, પૂનમ, આઠમ કે સંક્રાતિના દિવસે વ્રતનો પ્રારંભ કરવો જોઈએ અને કારતક માસના સુદ પક્ષની બારસે સમાપ્ત કરી દેવું જોઈએ. આ વ્રતથી સમસ્ત પાપ નષ્ટ થાય છે. જે મનુષ્ય આ વ્રતને દરેક વર્ષે કરે છે તે સૂર્ય સમાન દીપ્તિમાન વિમાનમાં બેસીને વિષ્ણુલોક જાય છે.

# માનો કે ના માનો પણ આ સાચું જ છે!

**આ સ્તંભમાં પ્રકાશિત સામગ્રીને સાચી માનવી કે ખોટી માનવી તે પૂર્ણ રીતે તમારા વિવેક પર નિર્ભર કરે છે.. પછી તેને તમે માનો કે ન માનો!**

## ગૃહ-ક્લેશ કેવી રીતે દૂર થાય?




સામાન્ય રીતે આપણે જોઈએ છીએ કે, કેટલાંયે પરિવારોમાં નાની નાની વાતોના કારણે ગૃહક્લેશ થતો જ રહે છે. તમે અનેક સાધન-સંપન્ન છો છતાં પણ અશાંત લાગે છે. બધું જ હોવા છતાં પણ એવું લાગે છે કે, આ બધું વ્યર્થ છે. આવામાં પતિ-પત્ની બંનેમાંથી કોઈ પણ આ સાધનાને સંપન્ન કરે તે નિઃસંદેહ તમારા ઘરમાં શાંતિનું વાતાવરણ બનશે.

**મંત્રઃ દ્રાં દ્રીં દ્રૂં દ્રૂજટિા બ્રાં બ્રીં બ્રૂં વાગ્ધીશ્વરી ॥**
**ક્રાં ક્રીં ક્રૂં કાલિકા દેવી શ્રાં શ્રીં શ્રૂં મે શુભં કુરુ ॥**

સવારે સ્નાન કરીને કાલી અથવા અંબા દુર્ગાના ફોટા પર લાલ ફૂલ ચઢાવવું. કાલી યંત્રનું પૂજન કરવું. દીવો અને ધૂપ પ્રગટાવી દો. રુદ્રાક્ષ માળાથી 108 વાર ઉપરોક્ત મંત્રના જાપ કરવા. 21 દિવસમાં પરિણામ મળી જશે. આ જપ નિયમિત રીતે પણ કરી શકાય છે. પરિવારમાં સુખનું વાતાવરણ જળવાઈ રહેશે. ઉપરોક્ત મંત્ર દુર્ગા સપ્તશતી (ચંડીપાઠ)માં કુંજિકા સ્તોત્રમાં છે તે જોઈને પણ કરી શકો છો. નવરાત્રિ કે કોઈ પણ મહિનાના સુદ પક્ષથી આરંભ કરવો.

## પરીક્ષામાં સફળતા કેવી રીતે મળે?



જો પરીક્ષામાં સફળતા ના મળતી હોય તો અથવા કશું યાદ ના રહેતું હોય અથવા જેટલી મહેનત કરવામાં આવે છે તેને અનુકૂળ પરિણામ કે ટકા ના આવતા હોય તો આ પ્રયોગને સંપન્ન કરવો.
ઓમ નમો ઓમ શ્રીં વદ-વદ વાગ્વાદિની બુદ્ધિ વર્દ્ધય ઓમ ક્રીં નમઃ સ્વાહા
કોઈ પણ શુભ મુહૂર્તમાં તમે આ પ્રયોગ કરી શકો છો. પૂર્વ દિશામાં મોઢું રાખીને બેસવું. સામે બાજોઠ પર સફેદ વસ્ત્ર પાથરીને એક થાળીમાં કેસરથી 'હ્રીં' લખીને તેના પર સરસ્વતી યંત્ર સ્થાપિત કરો. પછી કેસરનો ચાંલ્લો કરવો. ધૂપબત્તી કરીને ઉપરોક્ત મંત્રનો જપ કરવો. જાપ જયાં સુધી શક્ય હોય વાકસિદ્ધિ માળાથી કરવો. 7 દિવસ સુધી જાપ 3 માળા રોજની એ પ્રમાણે કરવા. 7મા દિવસે જપ સમાપ્તિ પર સરસ્વતી યંત્ર ભણવાના ટેબલ પર રાખવું. તેમ જ માળા ધારણ કરી લેવી. તમે પરીક્ષામાં અવશ્ય સફળતા મેળવશો.

## રોગોનું શમન કેવી રીતે થશે?

કોઈ પણ વ્યક્તિ એવી નથી કે જે રોગગ્રસ્ત ના હોય. કોઈ ને કોઈ રોગ, વ્યાધિ, પીડા તેને સતાવતી રહે છે. આપણા શરીરમાં વાત, પિત્ત અને કફ- આ ત્રણ પ્રકારના તત્ત્વ હોય છે, જેનું બરાબર સંતોલન રહે તો જ આપણા શરીરના આંતરિક અંગ વ્યવસ્થિત તેમ જ સુચારુ રૂપથી કાર્ય કરતાં રહે છે અને જરા પણ અસંતોલન થવાથી તે અવ્યવસ્થિત થઈને વિભિન્ન રોગોના જન્મનું કારણ બને છે. પરંતુ હવે તમારે દુઃખી થવાની જરૂર નથી, કારણ કે આપણા પ્રાચીન ઋષિઓ-મુનિઓએ પોતાની સાધના અને તપના બળ પર બ્રહ્માંડમાંથી પ્રાપ્ત રોગ નિવારક કિરણોના માધ્યમથી રોગને જડમૂળમાંથી સમાપ્ત કરવાની વિશેષ મંત્રશક્તિ મેળવી છે! જેનાથી આવનારી પેઢી તેનો લાભ પ્રાપ્ત કરીને પોતાના જીવનને રોગમુક્ત કરી શકે. રોગથી પીડિત વ્યક્તિ પોતે તેની નાભિ (ડૂંટી)માં સરસવના તેલનાં થોડાંક ટીપાં નીચેનાં મંત્રનો કાળી હકીક માળાથી 5 માળા મંત્રજપ પછી ડૂંટીમાં મૂકી દો.
મંત્રઃ ઓમ બ્રહ્મણે બ્રહ્મવર્ચસે રોગહરાય ઓમ
આમ, 10-15 દિવસ સુધી કરવાથી તે સ્વયં પોતાને રોગમુક્ત થવાનો અનુભવ કરવા લાગશે. આ મંત્ર પોતાની રીતે અચૂક ફળદાયક છે, જેના પ્રભાવથી વ્યક્તિની અંદરના કીટાણુ વિખંડિત થવા લાગશે અને રોગી ધીરે ધીરે સંપૂર્ણ સ્વસ્થ થવા લાગશે.

## સર્વ સમૃદ્ધિ પ્રાપ્ત કરવા માટે શું કરવું જોઈએ?

આજના યુગમાં 'ધનની મહત્તા'ને કોઈ પણ નકારી શકતો નથી... ધન (પૈસા) વગર આજે પાણી પણ નથી મળતું, પછી સમૃદ્ધિની ઈચ્છા- ધન વગર કેવી રીતે સંભવ કે શક્ય છે? તમે તમારા નજીકના સંબંધો પર જ ધ્યાન આપો, તો અનુભવ થશે કે જેટલી માત્રામાં તમે ધનનો વ્યય કરો છો- એ મુજબ તમોને સન્માન મળે છે.
આજની સામાજિક વ્યવસ્થાની મહત્ત્વપૂર્ણ દિશા ધન જ છે. એટલે આ સમાજમાં પોતાને પ્રતિષ્ઠિત બનાવવા માટે પણ આવશ્યક છે કે તમે પોતે ધન-ધાન્યથી સમૃદ્ધ બનો. કોઈ પણ ગુરુવારના દિવસે રાત્રે આ પ્રયોગને સંપન્ન કરવો. રાત્રે સ્નાન વગેરેથી પરવારીને સ્વચ્છ વસ્ત્ર ધારણ કરવાં. ત્યાર બાદ પૂર્વ દિશા તરફ મોઢું રાખીને કુશ અથવા ઊનના આસન ઉપર બેસવું.
હવે પોતાની સામે બાજોઠ પર સફેદ વસ્ત્ર પાથરવું અને તેના પર હળદરથી ત્રિકોણ બનાવવું. આ ત્રિકોણની મધ્યમાં (વચ્ચે) 'અભિમંત્રિત હરડ' સ્થાપિત કરવા. હરડને પંચામૃતથી સ્નાન કરાવવું. તેના ઉપર કંકુનો ચાંલ્લો કરવો અને ચોખા તથા ફૂલ ચઢાવવાં. તેલનો દીવો પણ પ્રગટાવવો. હવે નીચેના મંત્રની 7 માળા સ્ફટિક માળાથી 7 દિવસ સુધી નિયમિત રીતે કરવી.

**મંત્રઃ ઓમ હું ફટ॥**



આઠમા દિવસે સવારે 'હરડ'ને કોઈ વૃક્ષના મૂળિયામાં દબાવી કે દાટી દો. આ પ્રયોગથી શીઘ્ર જ તમોને સફળતાનો રસ્તો દેખાશે અને તમે આકસ્મિક અથવા પછી વેપારના માધ્યમથી ધન સમૃદ્ધિ મેળવશો.
આવકનો પ્રવાહ તો છે પરંતુ તે સ્થાયી નથી રહેતો તો શું કરવું?
તમે આવકનો એક ચોક્કસ સ્ત્રોત ઈચ્છો છો. તમે તેના માટે પ્રયત્ન પણ કરો છો. પરંતુ કોઈ કારણસર કોઈ સ્થાયી સ્ત્રોત ના રાખી શકતા હો, તો આ પ્રયોગ અપનાવીને આવકનો સ્થાયી સ્ત્રોત મેળવી શકો છો.

**સમસ્યા અને સમાધાન**

**વાય.જે.ટી.**

'પાંચ કમળ બીજ' તથા પાંચ લાલ ફૂલોને એક પીળા કાગળ પર રાખવું તથા તે કમળ બીજ પર નીચેનો મંત્ર 21 વાર કંકુથી લખવો.

**મંત્રઃ ઓમ શ્રીં શિવત્વં શ્રીં ઓમ॥**

એ જ કાગળમાં કમળ બીજો તથા ફૂલોને વીંટીને બુધવારની રાત્રિના સમયે કોઈ ત્રણ કે ચાર રસ્તે ફેંકી દો.